ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G



(તસવીર : કશ્યપ નિમાવત)

# ધરોઈની સપાટી ૬૦૭ ફૂટને આંબી ગઈ

## ધરોઈમાં સવારે ૫૫ હજાર ક્યુસેક પાણીની આવક હતી સાંજે ૪૮ હજાર આવક : ખારી, વાત્રક, હાથમતી, મેશ્વોમાં પાણીની આવક વધી : સિધ્ધપુરના વાઘણા ગામે બે ડુબ્યા

ગાંધીનગર, તા.૯

ઉત્તર ગુજરાતમાં થઈ રહેલા સાર્વત્રિક વરસાદને કારણે પાણીની નવી આવક થતાં સર્વત્ર ખુશીનો માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે. ઉ. ગુજરાતના સૌથી મોટા ડેમ ધરોઈની જળસપાટીમાં પણ સારો એવો વધારો થવા પામ્યો છે. આ લખાય છે ત્યારે ડેમની જળ સપાટી ૬૦૭.૧૮ ફુટે પહોંચી છે અને હાલ પ્રતિ સેંકડે ૪૮ હજાર ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. મળતા અહેવાલો પ્રમાણે ધરોઈ ડેમના ઉપરવાસમાં થઈ રહેલા વરસાદને કારણે આ સિઝનની સૌથી વધુ પાણીની આવક ૫૫ હજાર ક્યુસેક નોંધાઈ હતી. આ પછી બપોરે વરસાદનું જોર ઘટતાં પાણીની આવક ઘટીને ૨૭ હજાર ક્યુસેક થઈ હતી પરંતુ પુનઃ સાંજે વરસાદ શરૂ થતાં પાણીની આવક વધીને ૪૮ હજાર ક્યુસેક થતી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું હતું.

પાટણ જિલ્લામાં પાટણ ખાતે આવેલ આનંદ સરોવરમાં પાણી છલોછલ થઈ જવા પામ્યું છે. સિધ્ધપુર તાલુકાના વાઘણા ગામે બે યુવાનો તળાવમાં ડુબી જતાં સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

મળતા અહેવાલો પ્રમાણે સિધ્ધપુર સહિત જિલ્લાના કેટલાક તાલુકામાં કાચા મકાનો ધરાશયી થવાના અહેવાલો છે.

સાબરકાંઠા જિલ્લામાંથી આવતી ખારી નદીમાં પણ પાણીની આવક વધતાં નદી બે કાંઠે વહી રહી છે. ડભોડામાં તો ખારી નદી બે કાંઠે થતાં ગ્રામજનોએ સરપંચ સાથે પાણીના વધામણા કર્યા હતા. ખારી નદી પર હાલીસા નજીક બાંધવામાં આવેલ કોઝ વે પરથી પાણી વહેતું હોવાથી હાલીસા-દહેગામ માર્ગ બંધ કરવામાં આવ્યો છે.

હાથમતી, ગુહાઈ, મેશ્વો સહિતની નદીઓમાં પાણીની આવક વધવા પામી છે. અને નદીઓ બે કાંઠે વહેતી થઈ છે. સાબરકાંઠામાં પણ સારો એવો વરસાદ નોંધાયો છે.

બનાસકાંઠામાં પણ સારો એવો વરસાદ નોંધાયો છે અને વરસાદ ચાલુ હોવાના અહેવાલો છે.

## મામાને ફોન આવ્યો... અમારી ચિંતા ના કરશો અમે સલામત છીએ

ગાંધીનગર, તા. ૯

શ્રીનગરના જળસંકટમાં સપડાયેલ સે. ૭ ના બેંકર પરિવારની દિકરી જેનિસનો આજે સવારે તેના મામા મનીષભાઈ પર ફોન આવ્યો હતો કે 'મામા અમારી ચિંતા કરશો નહિ અમે સલામત છીએ. હાલ લશ્કરની છાવણીમાં અમને રાખવામાં આવ્યા છે....'

બસ આ ધ્વનિ સંદેશને લઈ આજે બેંકર પરિવારના સ્વજનો આનંદથી ઝુમી ઉઠ્યા હતા.

જેનીસના મામા મનીષભાઈના જણાવ્યાનુસાર આજે સવારે આ વાત થઈ હતી અને ભાણીએ કહ્યું હતું કે લશ્કરના અધિકારીઓ અમને આગામી એક-બે દિવસમાં ગુજરાત માટે લઈ આવશે.

આજે પરિવારે ભાણીના આ ધ્વની સંદેશથી રાહત અનુભવી હતી અને પ્રભુનો પાડ માન્યો હતો. ૧લી તારીખે આ પરિવાર કાશ્મીરની સહેલગાહે ગયું હતું. ત્યાં અચાનક કુદરતે વરસાવેલા કહેરથી પરિવારનો સંપર્ક તુટ્યો હતો.

ગઈકાલથી કંટ્રોલરૂમના અધિકારીઓ પણ પરિવાર સાથે સંપર્ક સાધવામાં વ્યસ્ત બન્યા હતા.

આજે સવારે સંપર્ક થતાં જ મનીષભાઈએ જિલ્લાતંત્ર તેમજ સ્ટેટ ડિઝાસ્ટરના તંત્ર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. સંપર્ક થતાં તેમણે ખુશી વ્યક્ત કરી હતી.

# શહેરમાં સતત વરસાદથી માર્ગોનું ધોવાણ

## ટપકતા વરસાદી પાણીના લીધે માર્ગોની સરફેસ ખરબચડી થઈ ગઈ છે

ગાંધીનગર, તા.૯

શહેરમાં સતત વરસાદના લીધે માર્ગોનું ધોવાણ થયું છે. મુખ્ય માર્ગો સહીત સેકટરોના આંતરિક રસ્તાઓને પણ ટપકતા વરસાદી પાણના લીધે નુકશાન થયું છે. વરસાદી દિવસોના અંતે શહેરના માર્ગોની નુકશાનીનો અંદાજ આંકવા સર્વેની પ્રક્રિયા હાથ ધરાશે.

શહેરમાં સતત વરસાદના લીધે કાદવ કીચડ અને ગંદકી વચ્ચે માર્ગોની હાલત પણ કફોડી બની છે. સતત ટપકતા વરસાદી પાણીના લીધે માર્ગોને પણ નુકશાન થવા પામ્યુ છે. શહેરમાં અંદાજિત ૬૧૩ કિલોમીટર જેટલું રોડ નેટવર્ક છે. જયારે આ પૈકી માર્ગ નવીનીકરણના કામો હેઠળ મોટાભાગના રસ્તાઓનું કામ પૂર્ણ કરી દેવાયું છે જયારે બાકીના રસ્તાઓ સુધારવાનું કામ ચોમાસા બાદ હાથ ધરવામાં આવનાર છે. હાલ વરસાદના લીધે માર્ગ નવીનીકરણની કામગીરી છેલ્લા બે મહિનાથી બંધ છે. શહેરમાં રસ્તાઓની બાકી કામગીરી પૂર્ણ કરવા રૂ. ૨૫ કરોડના ખર્ચના અંદાજ સાથે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. ચોમાસા બાદ અલબત્ત આગામી મહીનામાં રસ્તાઓનું કામ પૂર જોશમાં ચાલુ કરી દેવાશે. જયારે સતત વરસાદના લીધે માર્ગોની હાલત પણ કફોડી બની છે ત્યારે શહેરના માર્ગોની સ્થિતિ અંગે તંત્ર દ્વારા અભ્યાસ હાથ ધરવામાં આવશે. વરસાદી દિવસો બાદ રસ્તાઓની નુકશાની અંગે સર્વે હાથ ધરાશે. સતત ટપકતા વરસાદી પાણીના લીધે માર્ગોની સરફેસ ખરબચડી થઈ ગઈ છે. વરસાદી દિવસો બાદ રીસરફેસીંગનું કામ હાથ ધરવાની અનિવાર્યતા ઉભી થઈ છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા અભિયાનને લઈ આજે સુઘડ નજીકના પર્યાવરણીય સંસ્થાનમાં કલોલ તાલુકાના સરપંચોનું સંમેલન યોજાયું છે.
- ગાંધીનગર શહેરમાં વરસાદને કારણે કેટલાક સ્થળોએ વૃક્ષો પડી ગયા છે. તો ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા છે.
- સચિવાલય સંકુલમાં નવનિર્મિત સ્વર્ણિમ સંકુલમાં પણ પાણી લીકેજીસની ફરિયાદો ઉઠી છે.
- વિધાનસભા ખાતેના રેલવે રિઝર્વેશન સેન્ટરમાં પાણી લીકેઝીસ થતાં પ્રવાસીઓને તકલીફ પડી હતી.
- ગાંધીનગરની મુલાકાતે આવી રહેલા પ્રધાનમંત્રીના સ્વાગતની તડામાર તૈયારીઓ તંત્રએ હાથ ધરી છે.
- નગરની જાણીતી સંગીત સંસ્થા શિવરંજની દ્વારા ૧૩મીએ મુંબઈના પ્રજ્ઞાચક્ષુ કલાકારો દ્વારા અનોખો ગીત-સંગીતનો કાર્યક્રમ યોજાશે.
- અંબાજી દર્શને ગયેલા ગાંધીનગરના પદયાત્રીઓ હેમખેમ પરત આવી પહોંચ્યા છે.

# વરસાદની ઠંડક વચ્ચે પ્રચારમાં રાજકીય ગરમાવો

ગાંધીનગર, તા. ૯

રાજ્યમાં એક તરફ મેઘરાજાએ મનમુકીને પધરામણી કરતાં વાતાવરણ ઠંડુગાર બન્યુ છે તો બીજી બાજુ નવ વિધાનસભા બેઠકો પર રાજકીય પક્ષો વેગવંતો ચૂંટણી પ્રચાર કરતાં વાતાવરણમાં રાજકીય ગરમાવો આવ્યો છે.

ગુજરાતની બરોડા લોકસભા બેઠક અને વિધાનસભાની ખાલી પડેલી નવ બેઠકોની પેટા ચૂંટણી ૧૩મી સપ્ટેમ્બરના રોજ યોજાનાર છે. આ પેટા ચૂંટણી માટે ભાજપ અને કોંગ્રેસ એડીચોટીનું જોર લગાવીને ચૂંટણી પ્રચારને વેગીલો બનાવ્યો છે.

એક તરફ પેટા ચૂંટણીમાં આડે હવે માત્ર ચાર દિવસ બાકી રહ્યા છે, જ્યારે પ્રચાર આડે માત્ર ત્રણ જ દિવસ બાકી છે. ત્યારે ભાજપ અને કોંગ્રેસના નેતાઓ ચૂંટણી પ્રચારમાં ઉતરી પડ્યા છે. જેના કારણે ચૂંટણી પ્રચારમાં ગરમાવો આવી જવા પામ્યો છે.

બીજી તરફ રાજ્યમાં ફરીને ચોમાસુ સક્રીય થતાં મોટાભાગના વિસ્તારોમાં મનમુકીને મેઘરાજાએ પધરામણી કરીને ઘમરોળી રહ્યા છે. જેના કારણે સમગ્ર રાજ્યમાં ભીના વાતાવરણ સાથે આબાહવો એકદમ ઠંડી થઈ જવા પામી છે.

રાજ્યભરમાં મેઘરાજાએ મનમુકીને પધરામણી કરતાં રાજકીય પક્ષોના ચૂંટણી પ્રચારમાં વિઘ્ન આવવા પામ્યું છે. વરસાદને કારણે કેટલાક સ્થળોએ ચૂંટણી સભાઓ બંધ રાખવી પડી છે. જો કે વરસાદ વચ્ચે પણ ભાજપ અને કોંગ્રેસ દ્વારા ચૂંટણી પ્રચાર ચાલુ રાખીને પેટા ચૂંટણી જંગ જીતવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

## દહેગામના ૨૧ ગામોમાં આયુર્વેદ તંત્ર દ્વારા ઉકાળા વિતરણ આરંભાયુ

ગાંધીનગર, તા. ૯

દહેગામ તાલુકામાં દેખાયેલા ચાંદીપુરમ બાદ ૨૧ ગામોમાં જિલ્લા મેલેરિયા શાખા દ્વારા ઉકાળાનું વિતરણ ૦થી ૧૪ વર્ષના બાળકોમાં શરૂ કરવામાં આવ્યું છે.

જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. ભાવનાબેન પટેલે જણાવ્યુંછે કે, દહેગામ તાલુકામાં ચાંદીપુરમ ફીવર માટે એલર્ટ કરાયેલ ૨૧ ગામની શાળામાં બાળકોની રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે ૯-૯-૧૪થી ૧૩-૯-૧૪ દરમ્યાન શાળાના તમામ બાળકોને ઉકાળાનું સેવન કરાવવામાં આવશે.

૫ હજારથી વધુ બાળકોને આ ઉકાળા પીવડાવવાનું આયોજન હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે આયુર્વેદિક ઔષધિઓમાંથી આ ઉકાળો બનાવવામાં આવ્યો છે. આયુર્વેદ એ ચિકિત્સા શાસ્ત્રમાં સૌથી જુનો વેદ છે.

તેમણે એમ પણ કહ્યું હતુ કે ગત વર્ષે પણ જિલ્લાની આયુર્વેદ શાખા દ્વારા જિલ્લાના વિવિધ સ્થળોએ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું અને તેને સારો પ્રતિસાદ સાંપડ્યો હતો.

બાળકોને ઉકાળો પીવડાવવા ઉપરાંત તેમના આરોગ્યની તપાસ માટેની સૂચનાઓ પણ આપવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું.



(તસવીર : કશ્યપ નિમાવત)

લીલીછમ્મ શાકભાજી - આજકાલ બજારમાં લીલી શાકભાજીની માત્રા વધી છે... સમયસર અને સારા વરસાદના પગલે શાકભાજીની આવક વધતાં ભાવ પણ ઘટ્યા છે અને તાજા શાકભાજી બજારમાં વિપુલ માત્રામાં આવતા ગૃહિણી ખુશખુશાલ છે... મધ્યમ વર્ગીય સમાજ માટે શાકભાજીનો ભાવ ઘટાડો રાહતરૂપ બને છે...

## ગણેશ વિસર્જનની શોભાયાત્રામાં વગાડાતા ફિલ્મી ગીતોથી ધાર્મિક લાગણીઓ દુભાઈ

### ધાર્મિક પર્વો તેની પ્રવૃત્તિથી શ્રદ્ધાનું કેન્દ્ર બન્યા છે, ત્યારે ભજન કિર્તનના સ્થાને ડિસ્કો ગીતો ગવાયાં

ગાંધીનગર, તા. ૯

રાજ્યમાં વિઘ્નહર્તા દુંદાળા દેવ ગણેશજીનું ધામધૂમપૂર્વક સોમવાર સમી સાંજે વિસર્જન કરાયું હતું. ભાદરવા સુદ ચોથને ગણેશ ચતુર્થીના દિવસે હર્ષોલ્લાસ સાથે અનેક સ્થળો ગણેશજીનું સ્થાપન કરાયું હતું. અને દસ દિવસ પૂજા આરતી અને વિવિધ કાર્યક્રમો થકી આ ઉત્સવને મનાવવામાં આવ્યો હતો. જેમાં ભાદરવા સુદ ચૌદસના દિવસે ગણપતિદાદાને આગલા વર્ષે જલ્દીથી પધારજો તેવા ભાવુક ભાવથી વિદાય આપવામાં આવી હતી. આ વિસર્જન શોભાયાત્રામાં કેટલીક શોભાયાત્રાઓમાં ફિલ્મીગીતો વગાડી ડિસ્કો કરાયો હતો. ઉત્સવના અતિરેકમાં આ ધાર્મિક પર્વના મહત્વને બાજુમાં હડસેલી થયેલી આ પ્રવૃત્તિથી અનેક શ્રદ્ધાળુઓની લાગણીઓ દુભાઈ છે. જેની ચર્ચાઓ હાલ થઈ રહી છે.

મળેલ વિગતો મુજબ ગણપતિ મહોત્સવનું સમગ્ર રાજ્યમાં શ્રદ્ધા અને ભક્તિપૂર્વક આયોજન થયું હતું. દસ દિવસ સુધી વિઘ્નહર્તા દેવની પૂજા-અર્ચના, આરતી, ભજન અને સત્સંગ થકી ઉજવણી કરાઈ હતી. લોકોની શ્રદ્ધા વધે અને દેવના દર્શને પધારે તે હેતુથી કેટલીક જગ્યાએ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયા હતા. ગજાનન ગણપતિદાદા રાજ્યના દરેક મનુષ્યને સુખ, શાંતિ અને તંદુરસ્તી પ્રદાન કરે તેવો શુભાશયને દરેક સ્થળોએ મહત્વ આપી ભગવાનને શક્તિ મુજબ તેમની આરાધના કરાઈ હતી.

દસ દિવસના અંતે ભાદરવા સુદ ચૌદસને સોમવારના રોજ બપોરથી સંધ્યા કાળ સુધી વિઘ્નહર્તા દેવ ગણેશજીનું શોભાયાત્રા થકી વિસર્જન ઉત્સવ કરાયો હતો. આ વિસર્જન ઉત્સવમાં કેટલીક જગ્યાએ ભગવાનની સમક્ષ હિન્દી અને

● અનુસંધાન પાન-૭ પર

## મોદીના બંદોબસ્ત માટે ૧૭મી સુધી રોડ ઓપનીંગ પાર્ટી તૈનાત

ગાંધીનગર, તા. ૯

નરેન્દ્ર મોદી ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી પદે હતા ત્યારે તેમની સુરક્ષા વ્યવસ્થા માટે રોડ ઓપનીંગ પાર્ટી બનાવવામાં આવી હતી. જેમાં ટુ-વે પેટ્રોલીંગ ઉપરાંત અવર-જવરના રસ્તા પર પ્રી-વૉચ રાખી સલામતીનું ધ્યાન રાખવામાં આવતું હતું. નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી બન્યા બાદ પ્રથમવાર ૧૭મીએ રાત્રે ગુજરાત આવી રહ્યા છે ત્યારે એસપીજી સુરક્ષા કવચ મોદી સાથે હશે તે ઉપરાંત બંદોસ્ત રાખવામાં આવ્યો છે. રોડ ઓપનીંગ પાર્ટીને પણ ૧૭મી સુધી તૈનાત કરી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૦૫૭૧

# રાજ્યમાં અતિભારે વરસાદથી ૧૧ના મોત

ગાંધીનગર, તા. ૯

ભારે વરસાદને કારણે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અંદાજે ૧૧ લોકોના મોત નિપજવા પામ્યા છે.

રાજ્ય પૂર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં છેલ્લા બે દિવસથી ભારે વરસાદ પડી રહ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસાદમાં તણાવાથી, વીજળી પડવાથી તેમજ અન્ય કારણોસર લગભગ ૧૧ વ્યક્તિઓના મોત નિપજવા પામ્યા છે.

રાજ્યમાં વરસાદમાં થયેલા ૧૧ માનવ મૃત્યુમાં પાટણ જિલ્લામાં ૪ વ્યક્તિના, વડોદરામાં ૧ વ્યક્તિનું, પંચમહાલમાં ૩ વ્યક્તિના અને વલસાડમાં ૩ વ્યક્તિના મોત નિપજવા પામ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકાર દ્વારા મૃતકના પરિવારોને સહાય ચુકવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# રાજ્યમાં ૨૭ માર્ગો વાહન વ્યવહાર માટે બંધ કરાયા

## સાર્વત્રિક ભારે વરસાદને કારણે માર્ગો પર પાણી ભરાયા : ૧૫૦ ગામોમાં વીજળી ડુલ

ગાંધીનગર, તા.૯

રાજ્યમાં સાર્વત્રિક અને ભારે વરસાદને કારણે માર્ગો પર પાણી ભરાવાથી અંદાજે ૨૭ જેટલા માર્ગો વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

રાજ્ય પુર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયના ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં છેલ્લા બે દિવસથી થઈ રહેલા ભારે વરસાદને કારણે રાજયના કેટલાક વિસ્તારોમાં માર્ગો પર પાણી ભરાતા તેમજ વૃક્ષો ધરાશયી થતાં સાવચેતીના પગલા રૂપે ૨૭ જેટલા માર્ગો વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે.

આ માર્ગો પરથી પાણી ઓસરી જાય ત્યારબાદ માર્ગોને વાહન વ્યવહાર માટે ખોલવામાં આવશે.

આ ઉપરાંત રાજયના અંદાજે ૧૫૦ જેટલા ગામોમાં પાણી ભરાતા આ ગામોમાં વીજળી પુરવઠો બંધ થઈ ગયો છે. વીજ પુરવઠો પુનઃ શરૂ કરવા માટે પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે.

હાર્દિક અભિનંદન



શ્રી નટવર વિઠ્ઠલ લાડાણી
શેઠ સી.એમ. હાઇસ્કુલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ સેક્ટર-૨૩, ગાંધીનગર.
શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વર્ષ ૨૦૧૪
મેળવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૫૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
VINAYAK500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com